ગાંધીનગર સમાચાર

**આજે સામાન્ય સભામાં કેશલેસ પેમેન્ટ કમિશન મામલે નિર્ણય લેવાશે**

# ગ્રામ પંચાયતોના નવા ચૂંટાયેલા પદાધિકારીઓ માસાન્તે હોદ્દા સંભાળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ૮૯ ગ્રામ પંચાયતોના નવા પદાધિકારીઓ આ માસના અંત સુધીમાં તેમના નવા હોદ્દાઓનો ચાર્જ સંભાળી લેશે.

પંચાયતોની સંપન્ન થયેલ ચૂંટણીના જાહેર થયેલ પરિણામોના ૧૫ દિવસમાં પંચાયતની પ્રથમ બેઠક બોલાવવાની પંચાયત એક્ટમાં જોગવાઈ કરવામાં આવેલી છે.

પંચાયતોની ચૂંટણી અંગેના જાહેરનામામાં પરિણામો પ્રસિદ્ધ થઈ રહ્યા છે અને આ પછી ૧૫ દિવસમાં પ્રથમ બેઠક યોજવાની હોય છે. આ પ્રથમ બેઠકની તારીખ જે તે તાલુકા વિકાસ અધિકારી શ્રી દ્વારા મુદત પૂર્ણ થતી હોય તે રીતે તૈયાર કરતા હોય છે.

મળતી વિગતો પ્રમાણે આ માસના અંત સુધીમાં આ પ્રક્રિયા સંપન્ન થઈ જશે અને ત્યાર પછી જિલ્લાની લગભગ તમામ પંચાયતોમાં નવા પદાધિકારીઓ તેમની કામગીરી શરૂ કરશે.

આ સાથે જ જિલ્લામાં પણ ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના નવા કામો શરૂ થશે અને વિકાસને નવો વેગ મળશે. ૧૪મા નાણાંપંચ ઉપરાંત રેતી-કાંકરીની ગ્રાન્ટના કામો પણ નવા પદાધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવશે.



યોગ-પ્રાણાયામ - યોગ અને પ્રાણાયામનો મહિમા તંદુરસ્ત જીવન માટે વધતો જાય છે... પતંજલિ યોગ સમિતિ સેક્ટરે-સેક્ટરે યોગ-પ્રાણાયામના કાર્યશિબિરો કરે છે... સેક્ટર-૨૨, શ્રેયસ સોસાયટીના બગીચામાં આરંભાયેલ ત્રિદિવસીય યોગ શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાય છે...

# ગરમી સહેજ ઘટી પરંતુ હીટવેવ યથાવત

**મહત્તમ તાપમાન એકાદ ડિગ્રી જેટલુ ઘટ્યું : આગ ઓકતી ગરમી હજુ પડે છે : જનજીવન પર વર્તાતી અસર**

ગાંધીનગર, તા. ૧૪

આકાશમાંથી વરસી રહેલા અગનગોળાનો વરસાદ હજુ ચાલુ રહ્યો છે. જો કે આજે તેમાં થોડોક ઘટાડો થતાં સહેજ રાહત અનુભવાઈ હતી. મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રીનો ઘટાડો આજે નોંધાયો હતો.



હવામાન વિભાગની આગાહી અનુસાર જ આજે સતત ત્રીજા દિવસે હીટવેવ ચાલુ રહી હતી. હીટવેવની અસર હેઠળ મહત્તમ તાપમાન આજે ૪૩.૮ ડિ.સે. નોંધાયુ હતુ. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૪.૬ ડિ.સે. હતુ તેના કરતાં આજે તેમાં થોડોક ઘટાડો થયો હતો. આજે મહત્તમ તાપમાન ૪૩.૮ ડિ.સે. રહેતા ગઈકાલ કરતાં થોડીક રાહત અનુભવાઈ હતી. જો કે હજુ હીટવેવની અસર ચાલુ રહી છે. આજે સરકારી કચેરીઓમાં અને શાળાઓમાં રજા રહેતા વસાહતીઓએ ગરમીથી બચવા ઘરમાં જ પુરાઈ રહેવુ મુનાસીબ માન્યુ હતુ. બપોર ૧૨ થી ૪ દરમ્યાન તો મોટાભાગના સેક્ટરોમાં વસાહતીઓની અવરજવર સાવ નહીવત જોવા મળી હતી. સાંજ પછી બજારોમાં અને જાહેર સ્થળોએ થોડીક ચહલપહલ જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન ૨૬ ડિ.સે. જેટલુ રહેતા રાત્રે પણ બફારો અનુભવાયો હતો. હીટવેવની અસર આગામી દિવસોમાં થોડીક ઓછી થાય તેવી અપેક્ષા વસાહતીઓ રાખી રહ્યા છે.

# આજે સામાન્ય સભામાં કેશલેસ પેમેન્ટ કમિશન મામલે નિર્ણય લેવાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાની આજે મળનારી બેઠકમાં ઓનલાઈન પોર્ટલથી એડવાન્સ મિલ્કતવેરો ભરનારને કમિશન આપવાના મુદ્દે આખરી મંજૂરીની મહોર મારવામાં આવશે.

મહાનગરપાલિકાએ બજેટમાં બે ટકાની જોગવાઈ કેશલેસ એડમીનીસ્ટ્રેશનને પ્રોત્સાહન મળે તે માટે જોગવાઈ કરી હતી પરંતુ તે પહેલા સામાન્ય સભામાં અડધો ટકો કમિશન આપવાની દરખાસ્ત નિર્ણય વિના મુલ્તવી રહેતાં તંત્રએ હાલ કેશલેસ પેમેન્ટથી વેરો ભરનારને વળતરથી બાકાત રાખ્યા છે.

આજે સામાન્ય સભામાં આ મુદ્દે કોંગ્રેસ તેની પાંચ ટકાની માંગને વળગી રહે છે કે કેમ તે પણ અગત્યનું છે. તો ભાજપ પણ ચૂંટણી વર્ષ હોઈ લોકોને રાહત આપવા શુ વિચારે છે તેની રણનીતિ પણ આખરી થશે.

બન્ને પક્ષોએ તેમના ચૂંટાયેલા સભ્યોની બેઠક સવારે ૧૦.૩૦ વાગે મનપા ખાતે બોલાવી છે અને તેમાં તેમની રણનીતિ આખરી કરાશે.

આજની સામાન્ય સભામાં મનપાના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા તેમજ રિક્રુટમેન્ટ રૂલ્સને પણ સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવનાર છે.

આમ તો આ બેઠકમાં વહીવટીય કાર્યભારણ વધુ છે પરંતુ કેશલેસ પેમેન્ટ માટે બન્ને પક્ષો કેવી રણનીતિ અપનાવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

રિક્રુટમેન્ટ રૂલ્સ પસાર થયા બાદ તે વિભાગની મંજૂરી માટે મોકલવામાં આવશે. જો કે આ રૂલ્સના અભાવે કોર્પોરેશનને હાલ ઘણી બધી બાબતોમાં આઉટ સોર્સિંગથી કામ લેવુ પડે છે એટલે આજે આ રૂલ્સ પસાર થાય તેના માટે સત્તાધારી પક્ષ પણ વધુ આગ્રહી બન્યો હોવાનું ભાજપના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

## આજે સામાન્ય સભા ડેપ્યુટી મેયર ચાવડાના અધ્યક્ષપદે મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સામાન્ય સભા ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળશે.

મેયર પ્રવિણ પટેલના માતુશ્રી મંગુબેન પટેલના થયેલા દુઃખદ અવસાનને કારણે તેઓ હાજરી આપી શકે તેમ ન હોવાથી હવે સામાન્ય સભા ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળશે.

કોંગ્રેસના મીનાબેન વાઘેલાએ પણ પોતાનો રજા રિપોર્ટ આપ્યો હોવાથી કોંગ્રેસના પણ એક સભ્ય ગેરહાજર રહેવાના હોવાથી સામાન્ય સભામાં ભાજપની બહુમતિ યથાવત રહેશે.

આ સામાન્ય સભામાં કોઈ વિશેષ મુદ્દાઓ ચર્ચામાં આવે તેવી શક્યતાઓ દેખાતી નથી. બન્ને પક્ષો દ્વારા તેમની રણનીતિ સવારે પક્ષના સભ્યોની બેઠકમાં નક્કી થશે તેમ જાણવા મળેલ છે.

# આજથી જિલ્લાની પ્રા. શાળાઓમાં દ્વિતીય સત્રના મૂલ્યાંકનની કામગીરી થશે

ગાંધીનગર, તા. ૧૪

આજથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો. ૧ થી ૮ની પરીક્ષાઓ શરૂ થશે. બીજા સત્રના અભ્યાસક્રમને લઈ આ પરીક્ષાઓ લેવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. ધો. ૧ અને ૨ ના બાળકોનું મૌખિક મૂલ્યાંકન કરવામાં આવશે. જ્યારે ધો. ૩ થી ૫ નું પરીક્ષાના આપવામાં આવેલ સાહિત્યમાં જ પ્રશ્નોના ઉત્તર મેળવી મૂલ્યાંકન કરવાનું રહેશે. ધો. ૬ થી ૮ના બાળકોનું લેખિત ઉત્તરવહીમાં મૂલ્યાંકન થશે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ધો. ૫ના બાળકોનું સ્વાધ્યાય તેમજ શારીરિક શિક્ષણનું મૂલ્યાંકન અલગથી થશે અને ગુણાંકનમાં નોંધવામાં આવશે નહિ. ધો. ૭ થી ૮ના મૂલ્યાંકનના અંક અંગ્રેજીમાં લખવાના રહેશે.

મૂલ્યાંકન અંગેની જાહેરાત ૨૯મી એપ્રિલે કરવાની રહેશે. ધો. ૬ થી ૮ના બાળકોએ સંસ્કૃત વિષયના

● અનુસંધાન પાન-૭ પર


**તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ**



**ગં. સ્વ. શ્રીમતિ સજનબેન બાબુલાલ વણઝારા**
જન્મ તારીખ ૨૦-૧૧-૧૯૪૨ - સ્વર્ગવાસ તારીખ પંદરમી એપ્રિલ ૨૦૧૪ને મંગળવાર

(૧) આપના જીવનનાં છ દાયકા સુધી સાથ સહકાર આપનાર આપનાં આત્માનો આમ અચાનક અણધારી વિદાય થયાને આજે ત્રણ વર્ષ પુરા થયા છે.
(૨) તા.૨૪/૦૮/૨૦૧૬ ને બુધવારની મધ્ઝમ રાતે આપે સમણામાં મને જણાવેલ છે કે,"મારી બિમારી અંગે તમામ મારા પરિવારનાં સભ્યોને જાણ કરી હોવા છતાં કોઈએ તેમના ઘેર લઈ જવા કે મારી સારવાર કે દવા કરવા કોઈ, પરિવારનાં સભ્યો તૈયાર થયાં નથી."
(૩) આપની હયાતીમાં ખાટી છાશ જીવતે ન આપનારા પરિવારો કાગવાસ(શ્રાધ્ધ)નાં દિવસોમાં તેમનાં ઘર ઉપર ખીર નાંખવામાં-માતમ-માને છે.
(૪) આપના વિના એકાંત ભરપુર હોવા છતાં માત્ર ખાલી દીવાલનો જ મને સહારો હવે સદાય મળતો રહે છે.
(૫) આપના વિના માત્ર ટેકો દીધેલ ખાલી ભેંકાર મકાન જ બેસહારા દીસે છે.હવે કોરી આંખે ભીનાં આંસુ વહેતાં રહે છે સદાય.
(૬) છોડી ગયા અમોને છતાં આપના કર્મો થકી સદાય આપ જીવિત જ છો.થાય ના હવે આપના દેહ દર્શન,મારા હૈયામાં આપનો જીવિત વાસ હંમેશ રહે છે.

**પત્ની તો પત્ની જ હોય છે.**
પ્રભુ આપના દિવ્ય પરમ પૂજ્ય આત્માને જ્યાં હોય ત્યાં ચીર શાંતિ અર્પે એજ મારી હૃદયની પ્રેમપૂર્વકની પ્રભુને પ્રાર્થના છે

**બાબુલાલ એમ. વણઝારા**
નિવૃત્ત સેક્શન અધિકારી, સચિવાલય, ગાંધીનગર
પ્લોટ નં.૬૨૩/૧, સેક્ટર-૭-બી, ગાંધીનગર. મો.૯૮૦૦૭૫૭૯૮



**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



**બેસણું**



અમારા પૂજ્ય માતૃશ્રી **સ્વ. મંગુબેન ડાહ્યાભાઈ પટેલ** સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ - પૂનમ તા.૧૧-૪-૨૦૧૭ ને મંગળવાર ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.

સદ્‌ગતનું **બેસણું તા.૧૬-૪-૨૦૧૭ ને રવિવાર** ના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે રાયસણ મુકામે રાખેલ છે.

**સ્થળ : સ્વર્ણિમ હૉલ, મુ. રાયસણ, તા.જી. ગાંધીનગર.**

લિ.
દશરથભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. અમૃતભાઈ ડાહ્યાભાઈ પટેલ
વિષ્ણુભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. પુનમભાઈ ડાહ્યાભાઈ પટેલ
પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ
(મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા)
ભરતભાઈ ડાહ્યાભાઈ પટેલ



STARTS FROM
1ST MAY 2017




Following are the rates for summer camp -30 days, starting from 1st may 2017:-

1. Swimming:- Rs 2500/
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm

2. Lawn Tennis:- Rs 1500/-
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm

4. Football:- Rs 1200/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm

3. Cricket:- Rs 1500/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm




TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES

For More Info Call : +91 99099 06372 / +91 96380 85711

* Terms & Conditions Apply

Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar
Call : 079 23213111/ 22/ 33/ 44/ 55, M:+91 99099 06372
www.infocityclub.net


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com